CMA NO-27/2023

## આંક–૧ તળે હુકમ

આ કામનુ રેકર્ડ અને પ્રોસિડિંગ્સ વંચાણે લીધા. સદરહું સી.એમ.એ. નંબર ૨૭/૨૦૨૩ તા.૨૪/૦૩/૨૦૨૩ ના રોજ દાખલ કરવામાં આવેલ. આ કામના અરજદાર છેલ્લી મુદ્દત તા.૦૬/૦૫/૨૦૨૩ ના રોજ તેમના વિ.વ.શ્રી સાથે કોર્ટ સમક્ષ હાજર રહેલ છે. ત્યારબાદ આ કામના અરજદારને કોર્ટમાં હાજર રહેવા વારંવાર નોટીસ કરવામાં આવેલ જે તેઓને બજી ગયેલ છે જે આંક–૧૮, ૧૯ અને ૨૦ થી રજુ છે અને ત્યારથી આજદીન સુધી આ કામના અરજદાર કે તેમના વિ.વ.શ્રી આગળની કાર્યવાહી કરવા માટે કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેલા નથી.

આજરોજ અરજદાર કે તેમના વિ.વ.શ્રીને વારંવાર પોકાર કરાવવા છતાં કોઈ હાજર નથી કે તેમના તરફે કોઈ અરજી કે રીપોર્ટ રજુ થયેલ નથી. અરજદાર તરફેની આ વર્તણુક જોતા તેઓને હાલનું કામ આગળ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાઈ આવતું નથી. તેમજ આ કામના અરજદારને આગળ શું પુરાવા આપવા છે અને જો ન આપવા હોય તો તેઓએ તે બાબતની પુરસીસ પણ હકીકતથી જાહેર કરેલ નથી. તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

હાલની સી.એમ.એ. નં. ૨૭/૨૦૨૩ આથી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લા અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬

લોધિકા.

**(Samta Godiwala)**
Principal Civil Judge & J.M.F.C.
Lodhika.
**Code No.GJ01653**